# શ્રી સીમંધર જિન–સ્તવન

(દીઠી હો પ્રભુ દીઠી–રાગ)

ફળિયા હો પ્રભુ ફળિયા મનોરથ મુજ,
મળિયા હો પ્રભુ મળિયા દેવ જિનેશ્વરૂજી;
ઉજ્જવળ હો પ્રભુ પૃથ્વી ઉજ્જવળ કીધ,
પૂરણ હો પ્રભુ પૂરણ આશા સુરતરૂજી. ૧

આપે હો પ્રભુ આપે સવિ સુખ રિદ્ધિ,
થાપે હો પ્રભુ થાપે નિજ પદ લોકનેજી;
વ્યાપે હો પ્રભુ વ્યાપે પ્રભુ ગુણ જેહ,
કાપે હો પ્રભુ કાપે તેહના શોકનેજી. ૨

ધનધન હો પ્રભુ ધનધન તું જગમાંહિ,
મુજ મન હો પ્રભુ મુજ મનમેં તુંહિ જ વસ્યોજી;
નિરખી હો પ્રભુ નિરખી તાહરૂં રૂપ,
હરખી હો પ્રભુ હરખી તન મન ઉલસ્યોજી. ૩

સમતા હો પ્રભુ સમતા અમૃતસિંધુ,
ગમતા હો પ્રભુ મન ગમતા સ્વામી મળ્યાજી;

તેહવા હો પ્રભુ તેહવા દીઠા આજ,
જેહવા હો પ્રભુ જેહવા કાને સાંભળ્યાજી. ૪

માહરી હો પ્રભુ માહરી પૂગી આશ,
તાહરી હો પ્રભુ તાહરી કરુણા હુઈ હવેજી;
જિનજી હો પ્રભુ જિનજી તારો દાસ,
વિનવું હો પ્રભુ વિનવું હું ભાવે કરીજી. ૫

❒